# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જૂનાગઢ

# શિક્ષણમાં ICT નો ઉપયોગ - 2

વર્ષ : 2021 - 2022 ( સપ્ટેમ્બર – 2021 )

## લેખક


- લિગારી નાહિદ એન.
  (ચંદવાણા પે.સે. શાળા તા. માંગરોળ)
- મેઘનાથી પરેશગિરિ ડી.
  (વિસણવેલ પ્રા. શાળા તા. માળીયા)
- ચુડાસમા નિરજ એલ.
  (રાણીંગપરા પે.સે. શાળા તા. કેશોદ)
- મુન્શી રીયાઝ આઇ.
  (પાદરીયા પ્રા. શાળા તા. જૂનાગઢ)
- મારુ રાજેશ બી.
  (પંચાળા પ્રા. શાળા તા. કેશોદ)
- દુધાત્રા જિગ્નેશ કે.
  (ખીમપાદરા પ્રા. શાળા તા. મેંદરડા)
- કવા જસ્મિન એચ.
  (ઝીંઝુડા પ્રા. શાળા તા. મેંદરડા)
- સંઘાણી અમિત કે.
  (શેરગઢ સીમ શાળા તા. કેશોદ)
- પંડયા તુષાર એ.
  (મંડલિકપુર પ્રા. શાળા તા. જૂનાગઢ)
- પરમાર નરેંદ્ર એન.
  (આખા પ્રા. શાળા તા. વંથલી)
- ચાવડા નિલેશ જી.
  (રાવણી (કુબા) પ્રા. શાળા તા. વિસાવદર)
- જોશી વિશાલ બી.
  (નવાણીયા પ્રા. શાળા તા. વિસાવદર)
- સેલારકા ધર્મેશ પી.
  (સી.આર.સી. નાનાકોટડા તા. વિસાવદર)
- પીઠડીયા જસ્મિન એમ.
  (મારી પ્રા. શાળા તા. જૂનાગઢ)
- રામ કમલેશ કે.
  (ખોરાસા પ્રા. શાળા તા. વંથલી)

### માર્ગદર્શક

એ.સી.વ્યાસ

સિ. લેક્ચરર્

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ

### પ્રેરક

ડો. કે.કે.કરકર

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જૂનાગઢ

# DIET JUNAGADH

DISTRICT INSTITUTE OF EDUCATION & TRAINING (DIET)

# શિક્ષણમાં ICT નો ઉપયોગ

વર્ષ : 2021 - 2022 (સપ્ટેમ્બર – 2021)

**DIET - JUNAGADH**

- ET: Educational Technology.

## INDEX


| TOPIC | PAGE NO. |
|---|---|
| 01. GOOGLE TOOLS | 01 to 10 |
| 02. MS TEAMS WHITEBOARD | 11 to 15 |
| 03. PDF Hyper Link | 16 to 20 |
| 04. Scratch | 21 to 24 |
| 05. LAN Configuration | 25 to 29 |
| 06. Active Presenter | 30 to 35 |
| 07. OpenShot : Video Editor | 36 to 42 |
| 08. Form : Create Quizzes | 43 to 45 |


**IMPORTANT WEB LINKS**

01. MS TEAMS WHITEBOARD
**https://www.microsoft.com/en-in/microsoft-teams/log-in**
02. Scratch
**https://scratch.mit.edu/**
03. Active Presenter
**https://www.edushareworld.net/active-presenter-tutorials/**
04. OpenShot : Video Editor
**https://www.edushareworld.net/openshot-video-editor-information-and-tutorials/**


## CONTACT

PHONE:

**(0285)
2657248, 2622361, 2621990**

WEBSITE:
**dietjunagadh.in**

BLOG:
**http://diet-junagadh.blogspot.com/**

EMAIL:
**dietjunagadh@gmail.com**

## ADDRESS

Bilkha Road
Junagadh

# 01. Google Tools

## A. Google Lens

**Google Lens એટલે શું?**


- Google Lens એ Google Goggles નુ સુધારેલું સ્વરૂપ છે.

- Google Lens એ AI ટેકનોલોજી (આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ) મુજબ કાર્ય કરે છે.

- Google Lens એ વર્ષ 2017 મા Google દ્વારા શરૂ કરવામાં આવ્યું જે હાલ એન્ડ્રોઇડ અને iOS મોબાઇલમાં પણ ઉપયોગ કરી શકાય છે.

**Google Lens નો ઉપયોગ કેવી રીતે કરવો?**

- સૌપ્રથમ તમારા મોબાઇલમાં Google Play Store માથી કે iOS પરથી ગૂગલ લેન્સ નામની એપ્લિકેશન ઇન્સ્ટોલ કરો અથવા તમારા મોબાઇલમાં G સિમ્બોલ વાળો આઇકોન પર ક્લિક કરશો તો તેમાં સર્ચ બારની બરાબર જમણી બાજુ પણ ગૂગલ લેન્સ નો સિમ્બોલ દેખાય છે.




ત્યારબાદ તમારા મોબાઇલમાં આ બંને પૈકી કોઈ એક પ્રકારે Google Lens ઓપન કરો જેમાં કેમેરાની જેમ જ તે ઓપન થયેલું દેખાશે.


આ સ્ક્રીનમાં એકદમ નીચે આપણને વિવિધ options જોવા મળશે જેમ કે

1) Translate 2) Text 3) Search 4) Homework 5) Shopping 6) Places 7) Dining

## Google Lens ના ઉપયોગો :-

**Translate:** આ ઓપ્શનની મદદથી કોઈપણ ડોકયુમેન્ટના લખાણની ભાષાને આપણે જોઈતી ભાષામાં ભાષાંતર કરી શકીએ છીએ. જેમકે, કોઈ ડોક્યુમેન્ટ નું લખાણ અંગ્રેજી ભાષામાં હોય તો તેને ગુજરાતી ભાષામાં સરળતાથી ભાષાંતર કરી શકાય છે ઉપરાંત અહીં સ્ક્રીનમાં તમારે જે ભાષામાં ભાષાંતર કરવું હોય તે ભાષા પસંદ કરી શકાય છે.




**Text:** આપણે લખેલા કોઈ પણ લખાણને ગૂગલ લેન્સ માં લઇ તેને કોપી કરી બીજા કોઈ પણ ડોક્યુમેન્ટ કે વર્ડ કે બીજી કોઈ જગ્યાએ મોબાઇલમાં પેસ્ટ કરી શકાય છે.

**Search:** આ ઓપ્શન સિલેક્ટ કરતા કોઈપણ વસ્તુ કે વિઝીટીંગ કાર્ડ કે વેબ એડ્રેસ અથવા તમે જે જાણવા માંગો છો તે અહીં ઓપ્શનમાં સિલેક્ટ કરી તેનો ફોટો લઈને આગળ વધતા તેના વિશે માહિતી પ્રાપ્ત થાય છે. જેમ કે, તમારી આસપાસ કોઈ અજાણી વનસ્પતિ વિશે જાણવા માગો છો તો તેના પર્ણોનો ફોટો લઈને અહીં ગૂગલ લેન્સ માં સર્ચ કરતાં તેની દરેક માહિતી સરળતાથી મેળવી શકાય છે.


**Homework:** આ ઓપ્શન સિલેક્ટ કરી તમે કોઈ પણ પ્રશ્નનો જવાબ સરળતાથી મેળવી શકો છો. જેમ કે, ગણિતનો કોઈ દાખલો ન સમજાતો હોયતો તેનો ફોટો લઈને અહીં સર્ચ કરતાં તેનું સોલ્યુશન ગણતરી સાથે મેળવી શકાય છે.

**Shopping:** આ ઓપ્શન સિલેક્ટ કરી તમે કોઈ વસ્તુની માહિતી એટલે કે તે ક્યાં મળે છે અને તેનો ભાવ શું છે તેવી દરેક માહિતી મેળવી શકાય છે. જેમ કે, કોઈ અલગ પ્રકારની ખુરશી છે જે તમે લેવા માંગો છો તો તેનો ફોટો પાડી અહીં આ ઓપ્શનમાં સર્ચ કરતા જોઈતી દરેક માહિતી પ્રાપ્ત થાય છે.

**Places:** આ ઓપ્શન સિલેક્ટ કરી તમે કોઈ પણ જગ્યા ની માહિતી મેળવી શકો છો. જેમ કે, તમે કોઈ જગ્યાએ બહાર ગામ જવા ઇચ્છો છો અથવા તો બહારગામ ગયેલા છો અને તે જગ્યા વિશે જાણવા માગો છો તે જગ્યા નો ફોટો લઈ આવતાં માં સર્ચ કરતા માહિતી પ્રાપ્ત થશે.

**Dining:** આ ઓપ્શન સિલેક્ટ કરી તમે કોઈ રેસ્ટોરન્ટ કે હોટલ નો ફોટો લઈને દરેક માહિતી જેમકે ત્યાંનું food, તેના ભાવ, તેનું રેટીંગ અને તેનું એડ્રેસ જેવી દરેક માહિતી જાણી શકો છો.
આમ ગૂગલ લેન્સ ની મદદથી આપણે કોઈપણ પ્રકારની માહિતી તેના ફોટા દ્વારા કે સર્ચ કરી મેળવી શકીએ છીએ.

# B. Google Drive




**CLOUD COMPUTING**

1- **<u>GOOGLE DRIVE</u>**
2- **ONE DRIVE**
3- **DROP BOX**

CLOUD COMPUTING એ ઇન્ટરનેટ દ્વારા વિવિધ સેવાઓની ડિલિવરી છે, જેમાં ડેટા સ્ટોરેજ, સર્વર્સ, ડેટાબેસેસ, નેટવર્કિંગ અને સોફ્ટવેરનો સમાવેશ થાય છે.

ક્લાઉડ આધારિત સ્ટોરેજ ફાઇલોને રિમોટ ડેટાબેઝમાં સાચવવાનું અને માંગ પર પુન પ્રાપ્ત કરવાનું શક્ય બનાવે છે.

Google Drive એ ગુગલ દ્વારા વિકસાવવામાં આવેલ ફાઇલ સ્ટોરેજ અને સિંક્નાઇઝેશન સેવા છે જેની શરૂઆત 4 એપ્રિલ, 2012 ના રોજ થઇ હતી.

Google Drive ની ફેસેલીટી Android and computers, iOS smartphones અને tablets માં જોવા મળે છે.


Google Drive માટે કોઇ એકાઉન્ટ બનાવવાની જરૂર રહેતી નથી તમામ Gmail એકાઉન્ટથી જ ચાલુ કરી શકાય છે.

15 GB ફ્રી સ્ટોરેજ કેપેસીટી મળે છે, જેને ગુગલ Paid Service દ્વારા વધારી શકાય છે. સૌથી સેફ છે, કેમ કે ગુગલની સિક્યુરીટી હાઇ હોય છે. વિશ્વના કોઇ પણ ખુણેથી ઓપરેટ કરી શકાય છે જોઇ શકાય છે.

તેમાં વિન્ડો ઓફીસની જેમજ WORD, EXCEL, PPT, બનાવી શકાય છે તેમજ આપની FILE કે FOLDER ને STORAGE કરી શકાય છે અને વિશ્વના કોઈ પણ ખૂણે તેમનો ઉપયોગ કરી શકાય છે.

GOOGLE DRIVE માં FILE STORE કરવા માટે GOOGLE DRIVE OPEN કરી NEW OPTION પર કલીક કરી તમારા ડિવાઈસ માંથી સ્ટોર કરવાની FILE સિલેક્ટ કરો અને અપલોડ કરો જયારે ગ્રીન ટીકમાર્ક થઈ જાય એટલે ફાઈલ સ્ટોર થઇ જશે.

ડોકયુમેન્ટને અન્ય વ્યકિત સાથે શેર કરવા – SHARE WITH ME ના OPTION થી આપણે કોઈ પણ FILE ને અન્ય વ્યકિતને SHARE કરી શકાય છે.



## C. Google Sheet

ગૂગલ શીટ્સ એ વેબ-આધારિત એપ્લિકેશન છે જે વપરાશકર્તાઓને સ્પ્રેડશીટ્સ બનાવવા, અપડેટ કરવા અને સંશોધિત કરવા અને ડેટાને વાસ્તવિક સમયમાં ઓનલાઇન શેર કરવા માટે સક્ષમ બનાવે છે.

ગૂગલનું પ્રોડક્ટ લાક્ષણિક સ્પ્રેડશીટ( MS EXCEL ) સુવિધાઓ આપે છે, જેમ કે ROW અને COLOMN ઉમેરવા, deleteઅને sortકરવાની ક્ષમતા. પરંતુ અન્ય સ્પ્રેડશીટ પ્રોગ્રામથી વિપરીત, ગૂગલ શીટ્સ બહુવિધ ભૌગોલિક રીતે વિખરાયેલા વપરાશકર્તાઓને એક જ સમયે સ્પ્રેડશીટ પર સહયોગ કરવા અને બિલ્ટ-ઇન ઇન્સ્ટન્ટ મેસેજિંગ પ્રોગ્રામ દ્વારા ચેટ કરવા માટે સક્ષમ બનાવે છે. વપરાશકર્તાઓ સીધા તેમના કમ્પ્યુટર અથવા મોબાઇલ ઉપકરણોથી સ્પ્રેડશીટ્સ અપલોડ કરી શકે છે. એપ્લિકેશન દરેક પરિવર્તનને આપમેળે સાચવે છે, અને વપરાશકર્તાઓ અન્ય વપરાશકર્તાઓના ફેરફારો જોઈ શકે છે કારણ કે તેઓ કરવામાં આવી રહ્યા છે.

ગૂગલ શીટ્સ મફત વેબ એપ્લિકેશન્સના ગૂગલ DOCS એડિટર્સ સ્યુટના ભાગ રૂપે શામેલ છે. આ સ્યુટમાં ગૂગલ DOCX, ગૂગલ સ્લાઇડ્સ, ગૂગલ ડ્રોઇંગ્સ, ગૂગલ ફોર્મ, ગૂગલ સાઇટ્સ અને ગૂગલ કીપનો પણ સમાવેશ થાય છે.

### ગૂગલ શીટ્સ શા માટે ઉપયોગી છે?

Google શીટ્સનો ઉપયોગ સામાન્ય રીતે વિવિધ ભૌગોલિક સ્થાનો પર સ્પ્રેડશીટ સહયોગ માટે થાય છે. બહુવિધ વપરાશકર્તાઓ દરેક વ્યક્તિગત વપરાશકર્તા
માટે ટ્રેક કરેલ ફેરફારો સાથે, વાસ્તવિક સમયમાં Google Sheet દસ્તાવેજમાં ફેરફાર કરી શકે છે.

### ગૂગલ શીટ્સની સુવિધાઓ

ગૂગલ શીટ્સ ઓનલાઇન સ્પ્રેડશીટ એપ્લિકેશન વપરાશકર્તાઓને માહિતીને ગોઠવવા અને વિશ્લેષણ કરવા માટે ઓનલાઈન સ્પ્રેડશીટ બનાવવા, સંપાદિત કરવા અને ફોર્મેટ કરવા સક્ષમ બનાવે છે. ગૂગલ શીટ્સને ઘણી વખત માઈક્રોસોફ્ટ એક્સેલ સાથે સરખાવવામાં આવે છે, કારણ કે બંને એપ્લિકેશન સમાન હેતુઓ માટે વપરાય છે. ગૂગલ શીટ્સ એ માઇક્રોસોફ્ટ એક્સેલની મૂળભૂત સુવિધાઓનું ગૂગલનું ક્લાઉડ આધારિત વર્ઝન છે.

## તમે Google શીટ્સનો ઉપયોગ કેવી રીતે કરો છો?

વપરાશકર્તાઓ Google શીટ્સ ઓનલાઇન વેબએપ્લિકેશન દ્વારા તેમજ iOS અથવા Android પરચાલતા મોબાઇલ ઉપકરણો દ્વારા સ્પ્રેડશીટ્સ બનાવી અને સંપાદિત કરી શકે છે. Google શીટ્સનો ઉપયોગ કરવા માટે, માન્ય ઇમેઇલ સરનામું આવશ્યક છે. ગૂગલશીટ્સ વપરાશકર્તાઓને નીચેની બાબતો કરવા માટે સક્ષમ કરે છે.

સ્પ્રેડશીટ્સ EDIT કરો અને FORMAT કરો. સ્પ્રેડશીટ ને ગૂગલશીટ્સ દ્વારા સૂત્રો અને કાર્યોમાં ઉમેરી, સંપાદિત, ફોર્મેટ અને લાગુ કરી શકાય છે.

SORT: Google શીટ્સસ્પ્રેડશીટ ડેટાને ચાર્ટ, ગ્રાફ અને કોષ્ટકોમાં જોઈ શકાય છે.

SHARE: વપરાશકર્તાઓ રીઅલ-ટાઇમ સહયોગ માટે અન્ય લોકો સાથે Google શીટ્સ દસ્તાવેજો અને ફોલ્ડર્સ શેર કરી શકે છે.

DOWNLOAD AND PRINT: વપરાશકર્તાઓ માઇક્રોસોફ્ટએક્સેલ, વર્ડ, પાવરપોઇન્ટ, એડોબ પીડીએફ અને પીએનજી (પોર્ટેબલ નેટવર્ક ગ્રાફિક્સ) સહિત અન્ય દસ્તાવેજ ફોર્મેટમાં ગૂગલશીટ્સ ફાઇલો ખોલી અને IMPORT કરી શકે છે.

## Google શીટ્સ સુવિધાઓ

Google શીટ્સમાં નીચેની મુખ્યસુવિધાઓ શામેલ છે:

Spreadsheet editing and formatting. આમાં ડેટા એન્ટ્રી માટે કામગીરી અને કાર્યોનો સમાવેશ થાય છે; ડેટાસારાંશ; TRANSLATE; ડેટાઆયાત; ડેટામાન્યતા; ડેટા જાળવણી; અપ્રિન્ટેબલ અક્ષરો સાથે ટેક્સ્ટ પરત કરવા માટે સફાઈ અને ટેક્સ્ટમાં અગ્રણી, પાછળની અથવા પુનરાવર્તિત જગ્યાઓ દૂરકરવામાટે ટ્રિમિંગ; તારીખ, મૂળાક્ષરો અથવા આંકડાકીય ક્રમ જેવીપરિસ્થિતિઓ દ્વારા ડેટાફિલ્ટર કરવું

Data visualization. વપરાશકર્તાઓ ગ્રાફ, ચાર્ટ અને અન્ય પ્રકારના આકૃતિઓમા ટેસ્પ્રેડશીટ ડેટાજનરેટ કરી શકે છે અને તેમને વેબસાઇટ્સમાં UPLOAD કરી શકે છે.

Machine learning-based features. એક્સપ્લોર ફીચર મશીનલર્નિંગનો ઉપયોગ ચાર્ટ બનાવવા, PIVOT TABLE બનાવવા અને ડેટા વિશેના પ્રશ્નોના જવાબ આપવામાટે કરે છે. તે પસંદ કરેલા ડેટાના આધારે AUTO UPDATE કરી શકે છે.


Offline editing. ઇન્ટરનેટ સાથે કનેક્ટ ન હોય ત્યારેપણ, શીટ્સ ઓફલાઇન સંપાદિત કરી શકે છે, અને ઇન્ટરનેટ કનેક્શન પુન restored થયા પછી ફેરફારો અપડેટ થશે.

Compatibility.શીટ્સ દસ્તાવેજો એક્સેલ (એક્સએલએસ), ઓપનઓફિસ, પીડીએફ, ટેક્સ્ટ, HTMLઅને અલ્પવિરામથી અલગમૂલ્યો (સીએસવી) સહિત વિવિધ બંધારણો સાથે સુસંગત છે.

Google product integration. ગૂગલશીટ્સને અન્ય ગૂગલ સેવાઓ, જેમ કે ડ્રોઇંગ, ફાઇનાન્સ, ફોર્મ અને ટ્રાન્સલેટ સાથે એકીકૃત કરી શકાય છે. તે માઇક્રોસોફ્ટ ફાઇલો સાથે પણ સુસંગત છે અને સમાન કી બોર્ડ શોર્ટકટ્સ શેર કરે છે.

Collaboration features: જ્યારે અન્ય સહયોગીઓ શેર કરેલી સ્પ્રેડશીટમાં ટિપ્પણીઓ અથવા ફેરફાર કરે છે ત્યારે ઇમેઇલ્સ મોકલી શકાય છે, અને વપરાશકર્તાઓ સંસ્કરણ ઇતિહાસ જોઈ શકે છે.એટલે કોણે કેટલાવાગે EDITING કર્યું કેટલા લોકો કાર્ય કરે છે વગેરે


Security વપરાશકર્તાઓ વ્યક્તિગત, જૂથ- અથવા ડોમેન-સ્તરની એક્સેસ દ્વારા ચોક્કસ સહયોગીઓ માટે સંપાદન, ડાઉનલોડ, નકલ અથવા છાપવા માટેની પરવાનગીઓનું સંચાલન કરી શકે છે.




## <u>ગુગલશીટ ચાલુ કરવા ના સ્ટેપ</u>

**૧. ગુગલક્રોમમાં ઉપર દર્શાવેલા ૯ ટપકામાં ક્લિક કરો**

**૨. ત્યારબાદ box ખુલશે તેમાં દર્શાવેલ SHEET ના લોગો પર ક્લિક કરો**




જેમાં આ મુજબનું ટેબ ખુલશે તેમાં તમે EXCEL ની જેમજ કામ કરી શકો છો અને ડેટા એકત્ર કરી શકો છો

૧. પરિણામ બનાવવું

૨. વિદ્યાર્થીની માહિતી મેળવવી

૩.એકમકસોટીના પ્રશ્ન વાઈસ માર્ક્સ મેળવી શકો છો

૪. રચનાત્મક અને વ્યક્તિત્વ વિકાસ પત્રક પણ બનાવી શકો છો

ગુગલ શીટ માં તમે MS EXCEL માં જે ફોર્મ્યુલા આવે છે તે બધી જ ઉપયોગ કરી શકો છો. આવી વિવિધ માહિતી આપને સરળતાથી મેળવી શકીએ છીએ

# ACTIVITY

1. તમે કોઇ અંગ્રેજી ડોક્યુમેન્ટને ગુજરાતીમાં ભાષાંતર કરી ડોક્યુમેન્ટ બનાવો અને તેને તમારા મોબાઈલમાં સેવ કરો.

2. તમારી આસપાસની કોઇ અજાણી વનસ્પતિ નો ફોટો લઈને તે દરેક માહિતી મેળવો અને તમને જોઈતી માહિતી નો સ્ક્રીનશોટ લઈ તેને મોબાઈલમાં સેવ કરો.

3. તમારી આસપાસ કોઈ સિમ્બોલ અથવા કોઈ વસ્તુ ના બારકોડ ને Search ઓપ્શન ની મદદથી Scan કરી તે વસ્તુની માહિતી સેવ કરો.

4. ગુગલ ડ્રાઈવમા તમારા નામનું ફોલ્ડર તૈયાર કરી કોઈ એક ફાઈલ અપલોડ કરો.

5. ગુગલ ડ્રાઈવમાથી કોઈ એક ફાઈલ DOWNLOAD કરો.


6. તમારા શાળા ના EMAIL ID માંથી GOOGLE SHEET OPEN કરી તેમાં તમારા શાળાના વિદ્યાર્થીઓની માહિતી જેમ કે GR, NAME, DATE OF BIRTH, MOBILE NUMBER માહિતી બીજા શિક્ષકો પાસેથી SHEET SHARE કરી માહિતી મેળવવી

ઉપરની આ દરેક એક્ટીવીટીને etdietjunagadh@gmail.com પર SEND કરવી.


# 02. MS Teams Whiteboard

માઈક્રોસોફ્ટ ટીમમાં whiteboardનો ઉપયોગ કેવી રીતે કરીશું ?


- કેલેન્ડર માં, સૌપ્રથમ મિટિંગમાં તારીખ,સમય નક્કી કરી આયોજન ગોઠવો.
- જે નિચેના ફોટોગ્રાફ્મા તિર સ્વરુપે બતાવેલ  છે.





- ત્યારબાદ જોઇન થવું.
- ત્યારબાદ share  બટન પર ક્લિક કરો. જે નિચેના ફોટોગ્રાફ્મા તિર સ્વરુપે બતાવેલ છે.



- અલગ-અલગ વિન્ડો ખુલશે જેમાં whiteboard સિલેક્ટ કરો. જે નિચેના ફોટોગ્રાફમા તિર સ્વરુપે બતાવેલ છે.





- whiteboard શરૂ થશે જેમાં બે option બતાવે છે, પહેલા ઓપ્શનમા ફક્ત તમે જ એડિટ કરી શકશો અને બીજા ઓપ્શનમા તમે અને વિધાર્થીઓ પણ એડિટ કરી શકશે. જે નિચેના ફોટોગ્રાફમા તિર સ્વરુપે બતાવેલ છે.




• તમને અનુકૂળતા મુજબ ઓપ્શન પસંદ કરવું. ત્યારબાદ collaborate onwhiteboard પર ક્લિક કરવું.

• હવે વાઇટ બોર્ડ ખુલશે. જેને તમે અને જોડાયેલ તમામ જોઇ શક્શે.


• જેમા ઉપરની તરફ વિવિધ રંગોની પેન,ઇરેજર,textbox વગેરે જોવા મળશે. જે નિચેના ફોટોગ્રાફ્મા તિર સ્વરુપે બતાવેલ છે.





• Text option પસંદ કરી તમે શબ્દો, વાક્યો લખી શકો છો. કે જેની જગ્યા બદલી શકાય છે. જે નિચેના ફોટોગ્રાફ્મા તિર સ્વરુપે બતાવેલ છે.




- પેનના ઉપયોગ દ્વારા તમે બોર્ડ પર લખી શકો છો અને દાખલા ગણી શકો છો અથવા વિવિધ રંગોના પેનનો  ઉપયોગ કરી શબ્દ અથવા વાક્ય નીચે અંડર લાઇન કરી શકશો. જે નિચેના ફોટોગ્રાફમા તિર સ્વરુપે બતાવેલ  છે.




- પ્રથમ બટન  pane and zoom  પર ક્લિક કરી તમે લખેલા text ને Drag  કરી શકો અથવા zoom in or zoom out કરી શકો છો.
- જમણી બાજુ ઉપરની તરફ setting આપેલું છે. તેના પર ક્લિક કરી, તમે આપેલા લખાણ કે ચિત્રને ઇમેજ માં સેવ કરી  શકો છો .
- બીજા ઓપ્શન સિલેક્ટ કરતાં પાર્ટીસિપેટ પણ Edit કરી શકે છે. જે નિચેના ફોટોગ્રાફમા તિર સ્વરુપે બતાવેલ  છે.



તમે તૈયાર કરેલ ફાઇલ ને png તરીકે સેવ કરવા માટે export image પર ક્લિક કરો. જે નિચેના ફોટોગ્રાફ્મા ત્રિર સ્વરુપે બતાવેલ છે.




# ACTIVITY

અલગ અલગ રંગની પેનનો ઉપયોગ કરી પાંચ વાક્ય લખો.

આ png ને સેવ કરી નિચેના ઇ મેલ આઇડી પર સેંડ કરો.

ઉપરની આ દરેક એક્ટીવીટીને etdietjunagadh@gmail.com પર SEND કરવી.


# 03. PDF – Hyper Link

## PDF ડોક્યુમેન્ટ માં હાઇપર લીંક નો ઉપયોગ

પીડીએફ ફાઇલો વ્યવસાયમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ફોર્મેટમાંની એક છે. પીડીએફ ફાઇલો બનાવવા, જોવા, છાપવા અને શેર કરવા માટે સરળ છે. ઉપરાંત, યોગ્ય સાધનો સાથે, તમે તેને સરળતાથી સંપાદિત કરી શકો છો. જે તમને મોબાઇલ સહિત કોઈપણ ઉપકરણ પર જોવાની મંજૂરી આપે છે. આજે આપણે જે મોટાભાગનું કામ કરીએ છીએ તે વેબ મારફતે કરવામાં આવે છે, તેથી તમારા પીડીએફ દસ્તાવેજોમાં હાયપરલિંક્સ શામેલ કરવામાં સમર્થ થવું અર્થપૂર્ણ છે. તેથી અમે આમ કરવા માટે કેટલાક વિકલ્પો અન્વેષણ કરવા જઈ રહ્યા છીએ.

## પીડીએફ ડોક્યુમેન્ટમાં હાયપરલિંક શા માટે ઉમેરો?

PDF નો હેતુ નક્કી કરશે કે તમારે દસ્તાવેજમાં હાઇપરલિંક ઉમેરવાની જરૂર કેમ છે. દાખલા તરીકે, જો તે ઇ-બુક છે, કોઈ ડોક્યુમેન્ટ, કોઈ વીડિઓ કોઈ ફોટો વગેરે તમે તમારી વેબસાઇટ માંથી સંસાધનો શામેલ કરી શકો છો.






## એડોબનો ઉપયોગ કરીને પીડીએફમાં હાયપરલિંક્સ બનાવવી

જો તમે એડોબ software ઉપયોગ કરી રહ્યાં છો, તો પછી તમે તમારા પીડીએફ દસ્તાવેજમાં હાઇપરલિંક્સ દાખલ કરવા માટે આપ્લેટફોર્મનો ઉપયોગ કરી શકો છો. આ પ્રોગ્રામ તમને પીડીએફમાં ફેરફાર કરવા માટે પણ પરવાનગી આપે છે, જેમ કે વાક્યો કાઢિ નાખવા, ફોન્ટનું કદ બદલવું, અને હાયપરલિંક અને પેજ નંબર દાખલ કરવું.

**હાયપરલિંક ઉમેરવા માટે, ફક્ત નીચેના મુજબના પગલાં લો**

૧. એડોબનો ઉપયોગ કરીને તમારા પીડીએફ દસ્તાવેજ ખોલો.

૨. TOOLS>EDIT PDF >LINK  પર ક્લિક કરો. પછી "ADD/EDIT WEB OR DOCIMENT LINK.આગળ, જ્યાં તમે હાયપરલિંક ઉમેરવા માંગો છો ત્યાં એક બોક્સ ખેંચો.

3. છેલ્લે, SAVE FILE કરો, અને તે દસ્તાવેજમાં હાઇપરલિંક ઉમેરશે.

**વર્ડનો ઉપયોગ કરીને પીડીએફમાં હાઇપર લિંક બનાવવી**

માઈક્રોસોફ્ટ વર્ડના તાજેતરના સંસ્કરણોમાં, તમે સોફ્ટવેરમાં પીડીએફ ખોલવા માટે સક્ષમ છો. તે તમને એડોબની જેમ દસ્તાવેજમાં પણ હેરફેર કરવાની મંજૂરી આપે છે. હાયપરલિંક ઉમેરવા માટે, ફક્ત આ પગલાં અનુસરો:

૧. માઈક્રોસોફ્ટવર્ડ સોફ્ટવેર ખોલો.

૨. તમે જે પીડીએફ એડિટ કરવા માંગો છો તે સિલેક્ટકરો. તમે એક DIALOGUE BOX જોશો જે પીડીએફ જોતી હોઈ એ IMPORT કરવાનું શરૂ કરવા માટે“OK" દબાવો.

૩. હવે, તમે પીડીએફમાં ફેરફાર કરી શકશો અને તમને જોઈતા વિસ્તારમાં હાઇપરલિંક ઉમેરી શકશો. પછીથી, ફાઇલને PDF તરીકે નિકાસ(SHARE / EXPORT)કરો.

નોંધલો કે કેટલાક લોકોને વર્ડ પર પીડીએફ અપલોડ કરવામાં સમસ્યા છે કારણ કે તે મૂળલેઆઉટને બદલે છે. તેથી તમારે ફોર્મેટને તમારી ઇચ્છા મુજબ દેખાવા માટે ફરીથી ગોઠવવું પડી શકે છે. ઉપરાંત, આ ફક્ત ત્યારે જ કાર્ય કરશે જો તમે માઇક્રોસોફ્ટવર્ડ 2016 અથવા પછીનો ઉપયોગ કરી રહ્યાંછો.

## GOOGLE DOC ઉપયોગ કરીને પીડીએફમાં હાયપર લિંક બનાવવું

GOOGLE DOC એક લોકપ્રિય સાધન છે જે પીડીએફ દસ્તાવેજો બનાવી શકે છે. જો કે, તમારેતમારા પીડીએફની સામગ્રી લખવા માટે તેનો ઉપયોગ કરીને આગળની યોજના બનાવવી પડશે અને તમે તેને કન્વર્ટ કરતા પહેલા તેની લિંક્સ ઉમેરો.

1.તમે હાઇપરલિંક કરવા માંગતા હો તે ટેક્સ્ટને હાઇલાઇટ કરો અને ટૂલબારમાં Cntrl + K અથવા લિંક બટન દબાવો.

એક વાર તમે તમારી બધી લિંક્સ દાખલ કરી લો, પછી તમે

ફાઇલ> ડાઉનલોડતરીકે>પીડીએફ દસ્તાવેજ પર જઇ શકો છો

વર્ડનો ઉપયોગ કરીને પીડીએફમાં હાયપરલિંક્સ દાખલ કરવા માટેના વૈકલ્પિક વિકલ્પો

હવે, જો તમારી પાસે આ સાધનોનો ઉપયોગ ન હોય અથવા ન ગમે તો શું? સારું, ત્યાં વૈકલ્પિક વિકલ્પો છે જેનો તમે ઉપયોગ કરી શકો છો.

ઉદાહરણ તરીકે, તમે તમારા PDF ને વર્ડ ડોક્યુમેન્ટમાં રૂપાંતરિત કરવા માટે ઓનલાઇન રૂપાંતરણ સાધનનો ઉપયોગ કરી શકો છો. અહીંથી, તમે તમારી હાયપરલિંક દાખલ કરી શકો છો અને પછી દસ્તાવેજને પીડીએફમાં ફેરવી શકો છો.

તમે મોટી સંખ્યામાં PDF કન્વર્ટર સાધનો ઓનલાઇન શોધી શકો છો. તેમાંના મોટા ભાગના તમને મૂળ અને સ્કેન કરેલા બંને પીડીએફ કન્વર્ટ કરવાની મંજૂરી આપે છે.

ધ્યાનમાં લેવા માટે બે મહાન વિકલ્પો છે - Mac વપરાશકર્તાઓ માટે Cisdem અને PC વપરાશકર્તાઓ માટે Readiris. CISDERM એક ઉત્તમ પસંદગી છે કારણ કે તે તમને સ્કેન કરેલી પીડીએફમાં હાયપરલિંક્સ દાખલ કરવાની મંજૂરી આપે છે. અને જ્યારે તમે તેને નિકાસ કરો છો, ત્યારે તે ઉચ્ચ ગુણવત્તાની PDF બનાવે છે.

ઉપરાંત, તે પીડીએફના બેચને સંપાદનયોગ્ય ફોર્મેટમાં રૂપાંતરિત કરવાની ક્ષમતા સાથે આવે છે. અન્ય સુવિધાઓ જે તેની સાથે આવે છે તેમાં પીડીએફ દસ્તાવેજો બનાવવું, PROTECT, UNPROTECT, COMPRESS કરવું શામેલ છે.


પછી પીસી વપરાશકર્તાઓ માટે, રીડિરીસ ટૂલ તમને સીધા તમારા પીડીએફ દસ્તાવેજોમાં હાયપરલિંક ઉમેરવાની મંજૂરી આપે છે. અન્ય કેટલાક વિકલ્પો જે તમે વિચારી શકો છો તે છે PDFelement, PDFescape અને Bluebeam. PDFescape સાથે, તમે ફક્ત તેમની વેબસાઇટની મુલાકાત લો, તમારી PDF અપલોડ કરો, અને પછી તમે જે લિંક દાખલ કરવા માંગો છો તે ટેક્સ્ટ વિસ્તારમાં બોક્સમાં ખેંચો. એકવાર તમે પૂર્ણ કરી લો, પછી તમે PDF ડાઉનલોડ કરો, જેમાં હવે હાયપરલિંક ઉમેરવી જોઈએ.

**હાયપરલિંક્સ ઉમેરવાનું સરળ છે!**

હવે જ્યારે તમારી પીડીએફમાં હાયપરલિંક દાખલ કરવા માટે તમારી પાસે ઘણા સાધનો છે, તે શરૂ કરવાનો સમય છે. તમારી સામગ્રીને સ્કીમ કરવા માટે સરળ અને વધુ સાધનસંપન્ન બનાવવા માટે હાયપરલિંક્સનો ઉપયોગ કરો. પછી જો તમારે અન્ય લોકો દ્વારા સહી કરેલી પીડીએફની જરૂર હોય, તો તમે હંમેશા ઇવરસાઇન જેવા સાધનોનો ઉપયોગ કરી શકો છો.

તમે તમારા બધા હસ્તાક્ષરિત દસ્તાવેજોને ક્રમમાં રાખવા અને સુલભતા સુધારવા માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ પણ કરી શકો છો. તેથી તમારા માટે શું શ્રેષ્ઠ કામ કરે છે તે જોવા માટે આ સાધનોને અજમાવી જુઓ. અમને ટિપ્પણીઓમાં જણાવો જેનો તમે ઉપયોગ કરવાનું નક્કી કરો છો

જેમાં હાયપરલિંક્સ ઉમેરવાની હોઈ તે શબ્દ લખો તેનેસિલેકટ કરી CTRL+K કરવો ત્યાર બાદ નીચે મુજબ નો  DIALOGUE BOX ખુલશે.




જે લીંકમાં હાઈપર લીંક કરવી હોઈ સિલેક્ટ કરી ADDRESS BAR માં PASTE કરવી  તમારી લીંક BLUE થઇ જશે એટલે તમારી હાઇપર લીનક થઇ ગઈ સમજવી

આ મુજબ શાળાની  જે કોઈ વેબ સાઈટ હોઈ તે એક જ PAGE માં લીંક આવી જશે અને આપનું કામ સરળ થઇ જશે

નીચે થોડા ઉદાહરણ આપેલ છે

HYPERLINK

1. SCHOOL OF EXCELLENCE
2. GMAIL
3. MICROSOFT TEAM
4. SSA GUJARAT

## પ્રવૃત્તિ

તમારી શાળામાં રોજની જરૂરિયાત વળી માહિતી તથા વેબ સાઈટ ની લીંક વાળું PAGE બનાવવું

ઉપરની દરેક ACTIVITYને etdietjunagadh@gmail.com પર મોકલવી.

# 04. Scratch

Scratch એ બાળકો માટે વિશ્વનો સૌથી મોટો કોડિંગ સમુદાય છે અને એક સરળ વિઝ્યુઅલ ઇન્ટરફેસ સાથેની કોડિંગ ભાષા છે જે યુવાનોને ડિજિટલ વાર્તાઓ, રમતો અને એનિમેશન બનાવવાની મંજૂરી આપે છે.

Scratch એ http://scratch.mit.edu પર મફત ડાઉનલોડ માટે ઉપલબ્ધ છે. એકવાર સ્ક્રેચ ડાઉનલોડ થઈ જાય તમારે પ્રોજેક્ટ બનાવવા માટે ઇન્ટરનેટ ઍક્સેસની જરૂર નથી.

NEP 2020 એટલે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત ધોરણ ૬ થી ૮ના બાળકો અને શિક્ષકો ને આ પ્રકારના સોફ્ટવેર ની સમજૂતી શિક્ષણ ક્ષેત્રે ખૂબ જરૂરી બનશે બાળકો સ્ક્રેચ સોફ્ટવેરની મદદથી કોડિંગ શીખી તેને ખૂબ સારી રીતે ઉપયોગ કરી શકે છે.

## સ્ક્રેચનો ઉપયોગ કોણ કરી શકે ? (Who can use Scratch? )

Scratch ખાસ કરીને 8 થી 16 વર્ષની વયના લોકો માટે ડિઝાઇન કરવામાં આવી છે, પરંતુ તેનો ઉપયોગ તમામ ઉંમરના લોકો કરે છે. લાખો લોકો ઘરોમા, શાળાઓમા, સંગ્રહાલયોમા, પુસ્તકાલયોમા અને સમુદાય કેન્દ્રો પર પ્રોજેક્ટ્સ બનાવી રહ્યા છે.

વિદ્યાર્થીઓ તમામ સ્તરે (પ્રાથમિક શાળાથી કોલેજ સુધી) અને તમામ શાખાઓમાં (જેમ કે ગણિત, કોમ્પ્યુટર, વિજ્ઞાન, ભાષા, કલા, સામાજિક અભ્યાસ) Scratch સાથે શીખી રહ્યાં છે. તેના પર શિક્ષક સંસાધનો પણ ઉપલબ્ધ છે.

Scratch મફત છે. તમારી શાળા, ઘર અથવા બીજે ક્યાંય Scratch નો ઉપયોગ કરવા માટે તમારે લાયસન્સની જરૂર નથી. Scratch 70 થી વધુ ભાષાઓમાં ઉપલબ્ધ છે. કમ્પ્યુટર પ્રોગ્રામ્સ કોડ કરવાની ક્ષમતા એ આજના સમાજમાં સાક્ષરતાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જ્યારે લોકો Scratch માં કોડ કરવાનું શીખે છે, ત્યારે તેઓ સમસ્યાઓ ઉકેલવા, પ્રોજેક્ટ ડિઝાઇન કરવા અને વિચારોનો સંચાર કરવા માટે મહત્વપૂર્ણ વ્યૂહરચના શીખે છે.

## સ્ક્રેચ માટે ન્યૂનતમ જરૂરિયાત (Minimum requirement for Scratch)


ડેસ્કટોપ, લેપટોપ અને ટેબ્લેટ પર મોટાભાગના વર્તમાન વેબ બ્રાઉઝર્સમાં Scratch ચાલશે. તમે મોબાઇલ ફોન પર પ્રોજેક્ટ્સ જોઈ શકો છો, Scratch એપ્લિકેશન તમને ઇન્ટરનેટ કનેક્શન વિના પ્રોજેક્ટ્સ બનાવવાની મંજૂરી આપે છે. તમે તમારા ઉપકરણ માટે

Scratch વેબસાઇટ અથવા એપ સ્ટોર પરથી Scratch એપ્લિકેશન ડાઉનલોડ કરી શકો છો. નીચે અધિકૃત વેબ બ્રાઉઝર્સની સૂચિ છે.

- Chrome (63+)
- Edge (15+)
- Firefox (57+)
- Safari (11+)
- Internet Explorer is NOT supported.


## સ્ક્રેચનો મૂળભૂત કોડ( Basic Code of Scratch )

સ્ક્રેચમા વાતચીત કરવા માટે તથા તેની ગતિ માટે મૂળભૂત કોડ નીચે મુજબ છે.






# સ્ક્રેચના મુખ્ય ભાગો ( Elements of Scratch )




1. Programming Palette

સ્પ્રાઈટ ને કંઈક કરવા અથવા કહેવા પ્રોગ્રામ કરવા માટે Programming Palette નો ઉપયોગ થાય છે. તમે ઇચ્છો છો કે સ્પ્રાઈટ કરે તે દરેક કાર્ય કરવા માટે પ્રોગ્રામ કરેલ હોવું જોઈએ.

2. Script

સ્ક્રિપ્ટ સ્પ્રાઈટને શું કહેવું અથવા કરવું તે કહે છે. દરેક સ્પ્રાઈટને સ્ક્રિપ્ટ મુજબ પ્રોગ્રામ કરવામાં આવે છે.

3. Sprite

સ્પ્રાઈટએ પ્રોજેક્ટના કલાકારો અથવા મુખ્ય પાત્રો છે.

4. Stage

નાટકના સ્ટેજ જેવું જ આ સ્ટેજ છે, જ્યાં બધું કોડીંગ થશે.

## સ્પ્રાઈટ પ્રોગ્રામિંગ ( Programming a Sprite )

1. Control - સ્પ્રાઈટનું પ્રોગ્રામિંગ હંમેશા કંટ્રોલ બ્લોકથી શરૂ થાય તે નારંગી/પીળી શ્રેણી હેઠળ આવે છે. તેમા ત્રણ બ્લોક્સ છે જેનો ઉપયોગ પ્રોગ્રામિંગ શરૂ કરવા માટે થાઇ છે.
2. Motion - મોશન બ્લોક્સ વાદળી શ્રેણી હેઠળ આવે છે. તેમા ઘણા બ્લોક્સ છે જે સ્પ્રાઈટને ખસેડવા માટે ઉપયોગમા લેવાય છે. આ કેટેગરી વિદ્યાર્થીઓને સકારાત્મક અને નકારાત્મક અને અન્ય ગાણિતિક ખ્યાલો સમજતા શીખવે છે.
3. Looks - **લુક્સ** બ્લોક્સ પ્રોગ્રામિંગ પેલેટની જાંબલી શ્રેણી હેઠળ આવે છે. **લુક્સ**મા ઘણા બ્લોક્સ છે. તમે સ્પ્રાઈટને શું કરતા જુઓ છો અથવા સ્પ્રાઈટ કેવી દેખાય છે તેને નિયંત્રિત કરી શકાઇ છે.
4. Sound - સાઉન્ડ બ્લોક્સ ફ્યુશિયા કેટેગરીમાં આવે છે અને અવાજ ઉત્પન્ન કરવા માટે અથવા સ્પ્રાઈટના શબ્દો સાંભળવા માટે પ્રોગ્રામ કરી શકાઇ છે.

### સ્ક્રેચના ફાયદા ( Benefits of Scratch )

- Scratch કોમ્પ્યુટેશનલ વિચાર અને સમસ્યા હલ કરવાની કુશળતાને પ્રોત્સાહન આપે છે.
- બાળકો ટેક્નોલોજી સાથે કામ કરે છે.
- વિચારોને અમલમાં મૂકવાની ઇચ્છાને વેગ આપે છે.
- આનંદ અને ફાયદાકારકના શ્રેષ્ઠ સંયોજન તરીકે સેવા આપે છે.
- પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં કુશળતા વિકસાવવામા મદદ કરે છે.
- સામાજિક કુશળતામાં સુધારો થાય છે.

આવનારા સમયમાં દીક્ષા એપ્લિકેશન, ગુજરાત ના માધ્યમથી આવા જ સોફ્ટવેરની એક તાલીમ નું આયોજન દરેક શિક્ષકો માટે થવા જઈ રહ્યું છે.


# 05. LAN configuration

## કોમ્પ્યુટર નેટવર્ક ( Computer Network )

❖ કોમ્પ્યુટર નેટવર્કનો અર્થ
બે કે તેથી વધુ કોમ્પ્યુટરનું માહિતીના આદાન પ્રદાન માટે પરસ્પર જોડાણ ને કોમ્પ્યુટર નેટવર્ક કહે છે.

❖ કોમ્પ્યુટર નેટવર્કના પ્રકાર ( Types of Network )
1. Local Area Network - LAN
2. Metropolitan Area Network - MAN
3. Wide Area Network - WAN

❖ લોકલ એરિયા નેટવર્ક (Local Area Network – LAN)



લોકલ એરિયા નેટવર્ક (Local Area Network – LAN) એ મોટેભાગે અંગત માલિકી વાળું અને એક ઓફીસ કે મકાન કે ઘર કે કેમ્પસના એક થી વધારે ઉપકરણોને નેટવર્ક મીડિયા થકી જોડે છે. સંસ્થાની જરૂરિયાત પ્રમાણે તેની ટોપોલોજી નક્કી કરાય છે, દા.ત. બે કમ્પ્યુટરો અને એક પ્રિન્ટ ઉપકરણોને જોડતી સાદી ટોપોલોજી કે મોટી કંપનીના નેટવર્કમાં ઓડીયો -વિડીયોના ઉપકરણો સમાવતી વિસ્તાર વાળી ટોપોલોજી. આ LAN નો વિસ્તાર કેટલાક કી.મી. પુરતો જ મર્યાદીત હોય છે તથાઉપકરણોની સંખ્યા પણ મર્યાદીત હોય છે. LAN નો ડેટા ટ્રાન્સફર રેટ WANની સરખામણીએ ઘણો જ વધારે હોય છે. હાલમા ટ્વીસટેડ પૈર કેબલ - ઈથરનેટ, Coaxial અને વાઈ-ફાઈ (WiFi) જેવી

સર્વસામાન્ય તકનીકોના ઉપયોગથી LAN બને છે. LAN મા વધુમા વધુ 255 કોમ્પ્યુટરનું જોડાણ કરી શકાય છે.

- ## LAN માટે જરૂરી સાધનો
  - ઓછામા ઓછા બે કોમ્પ્યુટર
  - નેટવર્ક કેબલ
  - Centralized Device ( Switch or Hub )

- ## LAN નેટવર્ક કરવા માટેના પગલાઓ

  Control panel -> Network and Sharing Center -> Change Adapter Setting -> Local area Connection -> Properties -> Internet Protocol Version 4 -> Properties -> Use Following IP address -> Add IP address and Subnet Mask -> ok

  IP Address 192.168.1.1

  192.168.1.2 ………………… 192.168.1.255

  Subnet Mask 255.255.255.0


- ## File Sharing

  Select Drive -> Properties -> Sharing -> Advance Sharing -> Permission -> Now set the permission -> Apply -> ok




- ## Print Sharing

  Start -> Device and Printer -> Select Printer -> Properties -> Sharing -> Share this Printer -> Apply -> ok



❖ **LAN ના ફાયદાઓ**

- ફાઈલને સરળતાથી બીજા કોમ્પ્યુટર સાથે શેર કરી, એડિટ કરીને ઉપયોગ કરી શકાય છે.
- એક ફાઈલ પર ઘણા બધા વ્યક્તિ કામ કરી શકે છે.
- એક પ્રિન્ટર તથા કોઇ પણ ઉપકરણને લોજીકલ રીતે તમામ કોમ્પ્યુટર સાથે નેટવર્કમાં જોડી નેટવર્કમાં જોડાયેલા કોઈ પણ કોમ્પ્યુટર માંથી પ્રિન્ટ કાઢી શકાય છે.
- બધા ડેટા ને કેન્દ્રીકૃત કરી શકાય છે.

❖ **Activity**


**૧.શાળા કક્ષાએ બે કમ્પ્યુટર નું નેટવર્ક કરી તેમાં એક પ્રિન્ટરને શેર કરી તેની ઈમેજ બનાવવી તથા તેનાથી શાળાને થયેલ ફાયદાઓના જણાવો.**

**૨. શાળા કક્ષાએ કયા કયા કાર્ય કરવા માટે નેટવર્કનો ઉપયોગ કરી શકાય તેની વિગત જણાવો.**


# PhET

## ❖ PhET – Physics Education Technology

PhET નો ઉપયોગ ગણિત અને વિજ્ઞાનના અનુકરણો (Simulation) બનાવવા માટે થાય છે. જેના ઉપયોગથી વિજ્ઞાનના ઘણા પ્રયોગો જોવા માટે તથા સંશોધનના હેતુ માટે ઉપયોગ કરી શકાય છે. આ ઉપરાંત ગણિતમાં પણ ક્વીઝ માટે તથા સંકલ્પના સિદ્ધિ માટે તેનો ઉપયોગ થઈ શકે છે.




PhET મનોરંજક, મફત, અરસપરસ, સંશોધન આધારિત વિજ્ઞાન અને ગણિત અનુકરણો (Simulation) પ્રદાન કરતી વેબસાઇટ છે. શૈક્ષણિક અસરકારકતાને સુનિશ્ચિત કરવા માટે દરેક અનુકરણો (Simulation)નું વ્યાપકપણે પરીક્ષણ અને મૂલ્યાંકન થઇ શકે છે. આ પરીક્ષણોમાં વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યુ અને વર્ગખંડોમાં અનુકરણો(Simulation) ના ઉપયોગનું નિરીક્ષણ શામેલ છે. અનુકરણો(Simulation) java, Flash અથવા HTML માં લખવામાં આવે છે અને ઓનલાઇન ચલાવી શકાય છે અથવા આપણા કમ્પ્યુટર પર ડાઉનલોડ કરી શકાય છે.




બધા સિમ્યુલેશન ઓપન સોર્સ છે. આ સંસાધનોને તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ઉપયોગ કરી શકાય છે.

❖ **વેબસાઇટ**
https://phet.colorado.edu/

❖ **ઉદાહરણ**
https://phet.colorado.edu/en/simulations/arithmetic

❖ PhET ના ફાયદાઓ
→ બાળકો માટે આનંદદાયી છે.
→ વિજ્ઞાન અને ગણિતની નિષ્પતીઓનુ સારગ્રહણ સારી રીતે કરી શકે છે.
→ પ્રયોગના સાધનોની મર્યાદાને દુર કરી શકાય છે.
→ જટીલ મુદ્દાઓને કાલ્પનિક સ્વરુપે અસરકારક રીતે રજુ કરી શકાય છે.
→ સમયનો બચાવ થાય છે.

❖ **Activity**

ધોરણ 6, 7, 8 ના ગણિત અને વિજ્ઞાન વિષયના કોઈ પણ એક એકમ પસંદ કરી અને એ સમજાવવા માટે કયા અનુકરણો(Simulation) નો ઉપયોગ કરી શકાય તે PhET ના અનુકરણો(Simulation) દ્વારા દર્શાવવા.

# 6. Active Presenter

Open Source Screen recorder and presentation Software

## Table of Contents

Step 1 – Downloading Active Presenter……………………….………..

Step 2 – Start Active Presenter………………………………….……..

Step 3 – Recording Screen in Active Presenter..……………..……………..

Step 4 – Create Presentation in Active Presenter……….…………………..

Step 5 – Add Media in Active Presenter………………………………...

Step 6 – Export your Project………………………………………..…

## પ્રસ્તાવના

Active Presenterએ નિ:શુલ્ક (open-source) Screen recording માટે ઉપયોગી સોફ્ટ્વેર છે. જે Mac અને Windows માં ઉપયોગ માટે ઉપલબ્ધ છે. Active Presenter સોફ્ટ્વેરની મદદથી સરળતાથી Presentation ફાઇલ, સ્ક્રિન રેકોર્ડિંગ કરી વિડિયો, ફિલ્મ અને એનિમેશન તૈયાર કરી શકાય છે. આ સોફ્ટ્વેરમાં વિડિયો ફાઇલ બનાવવા ઉપયોગી set of features નો સમાવેશ કરેલ છે. QR Code સ્કેન કરીને અથવા આપેલ લિંકની મદદથી Active Presenter ડાઉનલોડ કરી શકશો.

https://qrgo.page.link/KLSAE


V8.5.1

## Step 1 – Downloading Active Presenter & Installation


**ઉપર મુજબ આપેલ લિંક અથવા QR Code દ્વારા ડાઉનલોડ કરશો.**


Click on the blue **Download** button to start the download

Follow the prompt on your screen to install Active Presenter on your computer





**ડાઉનલોડ થયેલ .exe ફાઇલ પર ડબલ ક્લિક કરવાથી સોફ્ટવેરને તમારા કમ્પ્યુટરમાં ઇન્સટોલ કરી લેવું. તેમજ ઇન્સ્ટોલ થયેલ સોફ્ટવેરનાં આઇકોન પર ક્લિક કરી સોફ્ટ્વેર સ્ટાર્ટ કરશો એટલે તમને સ્ટાર્ટ સ્ક્રીન જોવા મળશે. જેમાં કેપ્ચર સ્ક્રીન માટે વિકલ્પ મળે છે.**







## Step 2 – Start Active Presenter

કેપ્ચર સ્ક્રીન વિકલ્પ પસંદ કરી ઓકે બટન પર ક્લિક કરવાથી કેપ્ચર ન્યુ પ્રોજેક્ટ પોપ અપ ઓપેન થશે અહી જરૂરીયાત મુજબ રેકોર્ડિંગ વિક્લ્પ પાસંદ કરવો. ઓડિયો ઈનપુટ સેટીંગ કરી ઓડિયો રેકોર્ડીંગ પણ એડ કરવાનો વિકલ્પ પણ મળે છે. જે નીચે આપેલ ચિત્ર માં જોઈ શકો છો. જો સ્ક્રીન રેકોર્ડીંગ ને સ્ટોપ કરવાની જરૂર પડે તો pause, stop, discard વિકલ્પનો ઉપયોગ કરી શકાય છે.





Active Presenter સોફ્ટવેરનાં ડેશબોર્ડ પર પ્રોજેક્ટને એડિટ કરવા જુદા જુદા વિકલ્પ આપેલા હોય છે. સૌથી ઉપર ટુલબાર જોવા મળે છે. જેમા Home, Slide, Annotation, Interaction, Export, Localize, View, Help ટેબ જોવા મળે છે. જે તમામ વિકલ્પોનો ઉપયોગ કરતાં શીખવું જોઈએ. Home bar પર Teks એડીટીંગ તેમજ પ્રોજેક્ટ સેટિંગ્સની સુવિધા આપેલ છે.




## Step 3 – Edit Recording file in  Active Presenter

Active Presenter સોફ્ટવેરનાં ડેશબોર્ડ પર કેપ્ચર કરેલ ફાઇલ ઇમ્પોર્ટ થયા બાદ તે ફાઇલ્સને નીચે ચિત્રમાં દર્શાવ્યા મુજબ જુદા જુદા ફીચરની મદદ થી જરુરીયાત મુજબ તમારા પ્રોજેક્ટને મોડીફાઇ કરી શકશો. Active Presenter નાં Timeline પર જુદી જુદી ઇફેક્ટ અને કમાંડ દ્વારા પ્રેસેન્ટેસન અથવા વિડિયો બનાવી શકાશે.





## Step 4 – Create Presentation in  Active Presenter

Active Presenter દ્વારા આકર્ષક Presentation ફાઇલ બનાવી શકાય છે. જેના માટે સરળતાથી ઉપયોગમાં લઇ શકાય તેવી સુવીધા આપેલ છે. કેપ્ચર કરેલ રેકોર્ડીંગ ફાઈલને પણ આપણે Presentation માં એડ કરી શકીયે છીએ. એકથી વધુ Slide ઉમેરવા માટે ટુલ્સબાર પર Slideનો વિકલ્પ આપેલ હોય છે. Slide option દ્વારા ઘણા બધા સુધારા કરી શકાય છે. તેમજ Slideને Image ફાઇલ સ્વરૂપે save કરી શકાય છે. Power Point Presentatin દ્વારા બનાવેલ ફાઈલને પણ Active Presenter માં ઉમેરી શકાય છે. તેમજ અહી થી Background પણ બદલી શકાય છે.





## Step 5 – Add media in Active Presenter

Active Presenter નાં ટુલ્સબારમાં Annotation વિકલ્પ આપેલ છે. આ Option દ્વારા તમારા કમ્પ્યુટર માં ઉપલબ્ધ ચિત્રો, સાઉન્ડ તેમજ જરૂરી વિડિયો ક્લિપ (video, image and audio files) વગેરે મિડિયા ફાઇલ ઇમ્પોર્ટ કરી શકાય છે.



## Step 6 – Export your project

Active Presenter સોફ્ટવેરનાં ડેશબોર્ડ પર સ્ક્રિન કેપચર ફાઈલ તેમજ અન્ય મિડિયા ફાઇલ ઇમ્પોર્ટ કર્યા બાદ તે તમામ ફાઇલ્સને નીચે ચિત્રમાં દર્શાવ્યા મુજબ timeline પર જરુરીયાત મુજબ તમારા આયોજન પ્રમાણે તમામ ફાઇલન ક્રમ અને સમય અવધી મુજબ ગોઠવશો. Timeline પર જુદી જુદી ઇફેક્ટ અને કમાંડ દ્વારા Presentation બનાવી શકાશે. તમારી જરૂરિયાત મુજબ Slides add કરી શકશો.




ઉપરોક્ત પ્રોજેક્ટને Export option ની મદદથી Image, Video, MS Word, MS power point, HTML Slideshow, PDF document વગેરે ફોરમેટમાં સેવ કરી શકાય છે.

TASK :

1. Active Presenter નો ઉપયોગ કરી screen recodrding કરી વિડીઓ ફાઈલ બનાવો અને તેમાં ઓડિયો એડ કરો.

2.. Active Presenter નો ઉપયોગ કરી 5 slide ઉમેરી presentation ફાઈલ તૈયાર કરો.

# 7. OpenShot Video Editor

Open Source Video Editor Software

Table of Contents


Step 1 – Downloading OpenShot…………………………………..………..

Step 2 – Add Media…………………………………………………..……...

Step 3 – Arrange files to the Timeline..……………………………………..

Step 4 – Add Audio file to the Timeline……………………………………..

Step 5 – Preview your Project……………………..………………………...

Step 6 – Export your Video……………………………………………..…


## પ્રસ્તાવના

OpenShot Videoએ નિ:શુલ્ક (open-source) video editor સોફ્ટ્વેર છે. જે Mac અને Windows માં ઉપયોગ માટે ઉપલબ્ધ છે. OpenShot સોફ્ટ્વેરની મદદથી સરળતાથી વિડિયો, ફિલ્મ અને એનિમેશન તૈયાર કરી શકાય છે.

આ સોફ્ટ્વેરમાં વિડિયો ફાઇલ બનાવવા ઉપયોગી set of features નો સમાવેશ કરેલ છે. QR Code સ્કેન કરીને અથવા આપેલ લિંકની મદદથી OpenShot Video Editor ડાઉનલોડ કરી શકશો.

http://www.openshot.org/download/

અથવા https://qrgo.page.link/HjRp1

**V2.6.0**

## Step 1 – Downloading OpenShot & Installation

**ઉપર મુજબ આપેલ લિંક અથવા  QR Code દ્વારા ડાઉનલોડ કરશો.**

Click on the blue **Download** button to start the download


Follow the prompt on your screen to install OpenShot on your computer








**ડાઉનલોડ થયેલ .exe ફાઇલ પર ડબલ ક્લિક કરવાથી સોફ્ટવેરને તમારા કમ્પ્યુટરમાં ઇન્સટોલ કરી લેવું. તેમજ ઇન્સ્ટોલ થયેલ સોફ્ટવેરનાં આઇકોન પર ક્લિક કરી સોફ્ટ્વેર સ્ટાર્ટ કરશો એટલે તમને મુખ્ય સ્ક્રીન જોવા મળશે. જેમાં File, Edit, Title, View and Help જેવા મુખ્ય મેનુ જોવા મળે છે. મીડીયા અપડેટ, વ્યુ અને ટ્રેક ઓપશન જોઇ શકો છો. સેન ઓપશન દ્વાર ફાઇલ સેવ કરી શકાય છે.**





## Step 2 – Add Media

OpenShot દ્વારા વિડિયો ફાઇલ બનાવવાનું શરુ કરતા પહેલા તમારા કમ્પ્યુટર માં ઉપલબ્ધ ચિત્રો, સાઉન્ડ તેમજ જરુરી વિડિયો ક્લિપ (video, image and audio files) વગેરે મિડિયા ફાઇલ ઇમ્પોર્ટ કરવી જરુરી છે. આપેલ ચિત્ર મુજબ તમે Drag and drop અથવા ઇમ્પોર્ટ મિડિયાનાં આઇકોન પર ક્લિક કરી ફાઇલ્સ ઇમ્પોર્ટ કરી શકો છો.



Be sure to drop the files where the arrow in the illustration




## Step 3 – Arrange files to the Timeline

OpenShot સોફ્ટવેરનાં ડેશબોર્ડ પર મિડિયા ફાઇલ ઇમ્પોર્ટ કર્યા બાદ તે તમામ ફાઇલ્સને નીચે ચિત્રમાં દર્શાવ્યા મુજબ timeline પર drag કરી જરુરીયાત મુજબ તમારા આયોજન પ્રમાણે તમામ ફાઇલન ક્રમ અને સમય અવધી મુજબ ગોઠવશો. Timeline પર જુદી જુદી



ઇફેક્ટ અને કમાંડ દ્વારા વિડિયો બનાવી શકાશે. જો તમે બે ક્લિપ કે ચિત્રો સાથે રાખશો તો OpenShot સ્વયં તેમની વચ્ચે સ્મુથ fade ઇફેક્ટ જનરેટ કરી આપશે જે બ્લુ રાઉન્ડ રેક્ટેંગલ શેપમાં જોવા મળશે. તમે આ ક્લિપને જરુરીયાત મુજબ ફરીથી ગોઠવી શકશો, માત્ર dragging and dropping સ્કિલ દ્વારા આ કાર્ય કરી શકાય છે.

ઉપરોક્ત ચિત્રમાં દર્શાવ્યા મુજબ મિડિયા ફાઇલ અરેંજ કરી પ્રોજેક્ટ તૈયાર કરશો. એરો દ્વારા નિર્દેશ કરેલ અરેંજનો અભ્યાસ કરો. Project Files, Transitions and Effects ઓપશનનો ઉપયોગ કરી જુદી જુદી ઇફેકટ આપી શકાય છે તે મુજબ તમામ ઇફેક્ટને તમારા પ્રોજેક્ટમાં એડ કરો.

## Step 4 – Add Audio file to the Timeline

જો તમે ઓડિયો ફાઇલને તમારા પ્રોજેક્ટમાં એડ કરવા ઇચ્છતા હોય તો drag and drop કરી કમ્પ્યુટરમાં રહેલ ફાઇલ ને એડ કરી શકશો. અપલોડ થયેલ ફાઇલને timeline પર લઇ જઇ તેના the left or right edgeને Grab કરી જરુરીયાત મુજબ સાઇઝમાં ફેરફાર કરી ઉપયોગમાં લઇ શકો છો.



તમારા કમ્પ્યુટરમાં રહેલ ઓડિયો ફાઇલ (MP3 /Wave) ને timeline પર એડ કરી તેની સાઇઝમાં ઘટાડો કરી શકાય છે તેમજ ઉપયોગમાં લીધેલી ફાઇલને ફરી થી કોપી કરી રીયુઝ કરી શકાય છે. ઓડિયો વોલ્યુમ લેવલને જરુરીયત મુજબ વધારી કે ઘટાડી શકવાની શુવિધા પણ આપણને આ ઓપન સોર્શ સોફ્ટવેરમાં મળે છે. તમે પણ તમારા પ્રોજેક્ટમાં એકથી વધુ ઓડિયો ફાઇલનો સમાવેશ કરી તેમાં સુધાર વધારા કરો.

## Step 5 – Preview your Project

પ્રોજેક્ટ દ્વારા તૈયાર થઇ રહેલા વિડિયોને preview કરી શકાય છે. Preview દ્વાર વિડિયો સાઉન્ડ અને ઇફેક્ટની ચકાસણી કરી જરુરીયાત મુજબ સુધારા કરી શકાય છે. preview windowનાં નીચે pause, rewind, and fast-forward વગીરે બટન જોવા મળે છે. જેના દ્વારા વિડિઓ નિહાળી શકાય છે.



## Step 6 – Export your Video


**જ્યારે આપણી જરુરીયાત મુજબ વિડિયો ફાઇલ અરેંજ થઇ જાય તેમજ પ્રીવ્યુ આપણને પસંદ આવે તો હવે પછીનું સ્ટેપ આપણા પ્રોજેક્ટ ને વિડિયો ફાઇલ ને** export **કરવાનું કાર્ય કરવાનું રહેશે. આ માટે આપેલ સ્ટેપ મુજબ અનુશરવું...**

→ Click on the Export Video icon at the top of the screen

→ (or use the **File > Export Video** menu).

→ Choose from one of the many preset export options

→ and click the *Export Video* button.




This will convert your OpenShot project into a single video file (MP4)


You should now have a basic understanding of how OpenShot works. Importing, Arranging, Previewing, and Exporting. **For more advanced features of OpenShot, please Make some projects and do best practices**. Visit www.edushareworld.net for more tutorials.

# 8. Create Quizzes in Forms

તમે આ ટૂલ્સની મદદથી તમારા વિદ્યાર્થીઓની સમજનું ઝડપથી મૂલ્યાંકન કરી શકો છો. અન્ય લોકો પાસેથી માહિતિ એકઠી કરી શકો છો.

- Create a quiz

➢ ફોર્મમાં ક્વિઝ બનાવવા માટે:
➢ ગૂગલ ફોર્મમાં,પ્લસની નીશાની પર ક્લિક કરી એક નવુ ફોર્મ ખોલો.
➢ અને ક્વિઝ બનાવો ચાલુ કરો.




- **તમારી ક્વિઝ કસ્ટમાઇઝ કરો:**

➢ તમારી ક્વિઝને નામ આપો: પ્રશ્નો અને ફોર્મ વર્ણન ઉપર, ખાલી ક્વિઝ અથવા શીર્ષક વગરના ફોર્મ પર ક્લિક કરો, પછી નામ દાખલ કરો.
➢ વર્ણન ઉમેરો: ક્વિઝ નામ હેઠળ, તમારું લખાણ ઉમેરો.
➢ હેડર ઉમેરો, થીમ અને બેકગ્રાઉન્ડ કલર અથવા ફોન્ટ સ્ટાઇલ બદલો: થીમ કસ્ટમાઇઝ કરો ,પર ક્લિક કરો અને પછી તમારા વિકલ્પો પસંદ કરો.


- નોંધ:

➢ થયેલ ફેરફારો આપમેળે સાચવવામાં આવે છે. કોઈપણ સમયે તમારા ફેરફારોનું પૂર્વાવલોકન કરવા માટે, ઉપર જમણી બાજુએ, પૂર્વાવલોકન પર ક્લિક કરવુ.

➢ 1 શીર્ષક વગરના પ્રશ્ન પર ક્લિક કરો અને તમારો પ્રશ્ન દાખલ કરો.
➢ 2 (વૈકલ્પિક) પ્રશ્નનો પ્રકાર બદલવા માટે, ડાઉન એરો "" પર ક્લિક કરો.
➢ 3 પ્રતિભાવ વિકલ્પો ઉમેરો (જો તમારા પ્રશ્ન પ્રકાર માટે લાગુ હોય તો).
➢ 4 (વૈકલ્પિક) લોકોને પ્રશ્નનો જવાબ આપવો જ જોઇએ કે નહીં તે સ્પષ્ટ કરવા માટે, આવશ્યક પર ક્લિક કરો.
➢ વધુ પ્રશ્નો ઉમેરવા માટે, એક વિકલ્પ પસંદ કરો:
➢ 5 નવો પ્રશ્ન ઉમેરવા માટે, પ્રશ્ન ઉમેરો પર ક્લિક કરો.
➢ 6 હાલના પ્રશ્નની નકલ ઉમેરવા માટે, ડુપ્લિકેટ પર ક્લિક કરો.

- Specify correct answers and points

➢ તમે આ પ્રકારના પ્રશ્ન પસંદ કરી શકો છો.
➢ બહુવિધ પસંદગી, ચેકબોક્સ, ડ્રોપડાઉન અને ટૂંકા જવાબ.
➢ તમે સાચો જવાબ કેટલા પોઈન્ટનો છે તે પણ નક્કી કરી શકો છો.




➢ પ્રશ્નની બાજુમાં, સાચો જવાબ માટે ,મળેલ. પોઈન્ટની સંખ્યા દાખલ કરો.
➢ સાચા જવાબો અને મુદ્દાઓ સ્પષ્ટ કરો:
➢ પ્રશ્ન પર ક્લિક કરો.
➢ આન્સર કી પર ક્લિક કરો.
➢ સાચો જવાબ (અથવા જવાબો) પસંદ કરો અથવા લખો.

| Type of question: | Marked correct if respondent provides: |
|---|---|
| Multiple choice | Any matching answer |
| Dropdown | Any matching answer |
| Checkbox | All matching answers (if there are several) |
| Short answer | The exact answer<br>Note: You can automatically mark non-matching responses as incorrect by selecting the option **Mark all other answers incorrect**. If you don't select this option, non-matching responses are left ungraded for you to manually review and award points. |

ક્વિજ પુર્ણ થયા બાદ સેડ બટ્ન પર ક્લિક કરી , લિંક તૈયાર કરી તમારા ગ્રુપમા શેર કરી શકો છો.આ પ્રકારે તમે ક્વિજ બનાવી શકો છો. અને શાળામા કે અન્ય જ્ગ્યાએ ઉપયોગમા લઇ શકો છો.

Activity :

આ પ્રકારની 10 પ્રશ્નોની quizz તૈયાર કરો. અને સેવ કરી.
નિચેના ઇ મેલ આઇડી પર સેંડ કરો
etdietjunagadh@gmail.com